તાપમાન
મહત્તમ : ૩૩.૫ ડીગ્રી
લઘુતમ : ૨૩.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૨ ટકા ● સાંજે ૪૯ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૨૧૭ ૧૭ ઓક્ટોબર, ૨૦૧૬, સોમવાર ; આસો વદ - ૨ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦



ગેરન્ટેડ ગિફ્ટ કુપન
અહીંથી કાપો
47


# પડોશી દેશ ત્રાસવાદીને આશ્રય આપે છે : મોદી

**ગોવામાં બ્રિક્સ સંમેલનમાં મોદી ત્રાસવાદના મુદ્દે છવાયા : આતંકવાદના મુદ્દા ઉપર પસંદગીનું વલણ હવે ચાલશે નહીં : બ્રિક્સ સંમેલનની પૂર્ણાહૂતિ વેળા સંયુક્ત ઘોષણા પત્ર જારી : ચીન-રશિયાની પરોક્ષરીતે ઝાટકણી**




નવીદિલ્હી,તા. ૧૬

ગોવામાં ચાલી રહેલી બ્રિક્સ શિખરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે આતંકવાદની સામે જોરદાર વલણ અપનાવ્યું હતું અને બ્રિક્સના મંચથી પાકિસ્તાન પર સીધા પ્રહારો કર્યા હતા અને કહ્યું હતું કે, પાકિસ્તાન આતંકવાદની જન્મભૂમિ છે. બ્રાઝિલ, રશિયા, ચીન અને દક્ષિણ આફ્રિકાના રાષ્ટ્રપ્રમુખોની સાથે આજે થયેલી બેઠકમાં મોદીએ આતંકવાદને લઈને શરૂઆતથી લઈને છેલ્લે સુધી પાકિસ્તાનને ચારેબાજુથી ઘેરવાના પ્રયાસ કર્યા હતા. મોદીએ આતંકવાદને સમગ્ર દુનિયાની સામે ખતરો તરીકે ગણાવીને તેની સામે કઠોર લડાઈ લડવા માટે અપીલ કરી હતી. મોદીએ સાફ શબ્દોમાં કહ્યું હતું કે, ત્રાસવાદ પર પસંદગીનું વલણ હવે ચાલશે નહીં.

બ્રિક્સ કાર્યક્રમની પૂર્ણાહૂતિમાં એક સંયુક્ત ઘોષણાપત્ર જારી કરવામાં આવ્યું હતુ જેમાં આતંકવાદની સામે સંયુક્ત લડાઈની બાબત પર સહમતિ દર્શાવવામાં આવી છે. સંમેલનની શરૂઆતમાં મોદીએ આતંકવાદ ઉપર બોલતા કહ્યું હતું કે, ત્રાસવાદના વધતા જતા


● અનુસંધાન પાન-૭ પર


## પાકિસ્તાન સાથે કોઈ લશ્કરી કરાર થયા જ નથી : રશિયા

પણજી, તા. ૧૬

રશિયાની મહાકાય કંપની રોસટેક કોર્પના સીઈઓ સર્જે કેમેઝોવે આજે સાફ શબ્દોમાં કહ્યું હતું કે, પાકિસ્તાન સાથે કોઈપણ પ્રકારની લશ્કરી સંબંધિત સમજૂતિ ઉપર હસ્તાક્ષર કરવામાં આવ્યા નથી. ભવિષ્યમાં પણ આવી કોઈ યોજના રહેલી નથી. ભારત દ્વારા હાલમાં જ પાકિસ્તાન સાથે રશિયાની લશ્કરી કવાયતને લઈને વાંધો ઉઠાવવામાં આવ્યા બાદ રશિયાની આ કંપનીએ ખુલાસો કર્યો છે.

## દિલ્હીમાં દુકાનમાંથી ૨૧ કિલો સોનું, ૭ કરોડ રોકડા કબજે

**દુકાનમાંથી એક કિલો સોનાની ૨૦ ઈંટો મળી જેની બજાર કિંમત છ કરોડથી વધુ : ડીઆરઆઈની બીજી સફળતા**



નવીદિલ્હી,તા. ૧૬

રેવન્યુ ગુપ્તચર સંસ્થા ડીઆરઆઈ દ્વારા જુની દિલ્હીની એક દુકાનમાંથી જંગી માત્રામાં રોકડ રકમ અને સોનાનો જથ્થો જપ્ત કર્યો છે. ડીઆઈઆરની દિલ્હી યુનિટે જુની દિલ્હી સ્થિત એક દુકાનમાં દરોડા પાડીને ૨૧ કિલો સોનું, ૬ કરોડ ૪૪ લાખની રોકડ રકમ જપ્ત કરી છે. આ રોકડ રકમ અને સોનાના જંગી જથ્થાને જોઈને ડીઆરઆઈના અધિકારીઓ પણ ચોંકી ગયા હતા. જંગી રકમથી દુકાનના અડધાથી વધુ હિસ્સો ભરેલો મળી આવ્યો હતો. દુકાનમાંથી એક કિલો સોનાની વીસ ઈંટો મળી આવી છે જેની બજારમાં કિંમત ૬ કરોડ ૪૭ લાખ રૂપિયા આંકવામાં આવી છે. ડીઆઈઆરના દિલ્હી ઝોનલ યુનિટના જોઈન્ટ ડિરેક્ટર રાજકુમાર દિગ્વિજયસિંહે માહિતી આપતા કહ્યું છે કે, દુકાનમાંથી ૬.૪૪ કરોડની રોકડ રકમ મળી આવી છે. આ દાણચોરી મારફતે લાવવામાં આવેલા સોનાને વેચી મારવા માટેની તૈયારી ચાલી રહી હતી. સોનાની કિંમત અને રોકડ રકમને ગણી લેવામાં આવે તો દુકાનમાંથી આશરે ૧૨.૯૧ કરોડ રૂપિયાનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે.

# સામાજિક સુરક્ષા યોજના ટૂંક સમયમાં અમલી

**અનઓર્ગેનાઇઝ્ડ સેક્ટરમાં રહેલા ૪૫ કરોડ લોકોને આવરી લેવાશે : સોશિયલ સિક્યુરિટી સ્કીમને લઇને અંતિમ માર્ગદર્શિકા તૈયાર કરવાનું કામ જારી : અનેક પાસા નક્કી કરાયા બાદ સામાજિક સુરક્ષા યોજના લોંચ કરાશે**

નવીદિલ્હી,તા. ૧૬

ટ્રેડ યુનિયનો તરફથી વારંવાર વિરોધ અને હડતાળના પરિણામ સ્વરુપે પરેશાન થયેલી વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકાર હવે એક મહાકાય સામાજિક સુરક્ષા યોજના લાવવાની તૈયારીમાં છે. જેના ભાગરુપે અનઓર્ગેનાઈઝ્ડ સેક્ટરમાં કામ કરતા ૪૫૦ મિલિયન વર્કરોને સીધો ફાયદો થશે. ૪૫ કરોડથી વધુ લોકોને સીધો ફાયદો થાય તે રીતે આ સામાજિક સુરક્ષા યોજના લાવવામાં આવનાર છે. આને આગળ વધારવાની દિશામાં સરકાર ગંભીરતાથી વિચારી રહી છે. જેના ભાગરુપે હાલમાં જ જુદા જુદા પાસા ઉપર વિચારણા ચાલી રહી છે. ઈન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઈઝેશન સોશિયલ સિક્યુરિટી હેઠળ તમામ બ્રાંચમાં રહેલા લોકોને આવરી લેવામાં આવશે. માંદગીના લાભ, બેરોજગારીના લાભ, મોટી વયમાં લાભ, નોકરી વેળા ઈજાના લાભ, પારિવારીક લાભ, પ્રસુતિ લાભને આવરી લેવામાં આવશે. સોશિયલ સિક્યુરિટી સ્કીમ ઉપર નિષ્ણાતો સાથે પણ વાત કરવામાં આવી ચુકી છે. શ્રમ અને રોજગાર મંત્રાલયમાં રહેલા અધિકારીઓનું કહેવું છે કે, આ પાયલોટ પ્રક્રિયાના ભાગરુપે સરકાર કયા નાગરિકોને લાભ ચુકવવામાં આવે તે માટેની એક રૂપરેખા તૈયાર કરશે. એક આવકની મર્યાદા નક્કી કરી લેવામાં આવશે. હાલમાં અંતિમ માર્ગદર્શિકા તૈયાર કરવા ઉપર કામ ચાલી રહ્યું છે. વર્કફોર્સ ત્રણ ભાગોમાં વિભાજિત કરવામાં આવશે જે પૈકી એક સેક્શનમાં લાભ માટે કોને ચુકવણી કરવામાં આવશે. બીજા ભાગમાં તેમના માટે કોને આંશિકરીતે નાણા ચુકવવામાં આવશે તેનો સમાવેશ થાય છે. શ્રમ મંત્રાલય દ્વારા એમ્પ્લોઈઝ પ્રોવિડંડ ફંડ અને એમ્પ્લોઈઝ સ્ટેટ ઈન્સ્યોરન્સ કોર્પોરેશનના નાણાની જવાબદારી સંભાળવામાં આવે છે. સભ્યોની સંખ્યા માટે આની રચના કરવામાં આવી હતી. શ્રમ મંત્રાલય દ્વારા આવરી લેવામાં આવનાર યુનિવર્સલ સોશિયલ સિક્યુરિટી સ્કીમની યોજના ભલામણ બાદ તૈયાર કરવામાં આવી રહી છે.

# પ્રથમ વન-ડેમાં ન્યુઝીલેન્ડ સામે ભારતની છ વિકેટે જીત

**વિરાટ કોહલીના અણનમ શાનદાર ૮૫ રન : ન્યુઝીલેન્ડ ૧૯૦ રન બનાવીને ઓલઆઉટ થઈ : ભારતે ચાર વિકેટે ૨ન બનાવ્યા : સિરિઝમાં ૧-૦ની લીડ મેળવી**

ધર્મશાલા, તા.૧૬

ધર્મશાલાના હિમાચલ પ્રદેશ



ક્રિકેટ એસોસિએશન મેદાન ખાતે રમાયેલી પાંચ મેચોની પ્રથમ વિડે મેચમાં ભારતે ન્યુઝીલેન્ડ ઉપર ૧૦૧ બોલ ફેંકવાના બાકી હતા ત્યારે એક તરફી મેચમાં છ વિકેટે જીત મેળવી લીધી હતી. ન્યુઝીલેન્ડે પ્રથમ બેટિંગ કરતા નિર્ધારિત ૨૦ ઓવર પણ રમવામાં સફળતા મેળવી ન હતી. ન્યુઝીલેન્ડની ટીમ ૪૩.૫ ઓવરમાં ૧૯૦ રન બનાવીને ઓલઆઉટ થઈ ગઈ હતી. એક વખતે ન્યુઝીલેન્ડે આઠ વિકેટ ૧૦૬ રનમાં જ ગુમાવી દીધી હતી પરંતુ ત્યારબાદ ટીમ સાઉથી અને બ્રેસવેલે બાજી સંભાળી હતી અને સ્કોરને ૧૭૭ સુધી લઈ ગયા હતા. સાઉથી ૫૫ રન કરીને આઉટ થયો હતો. સાઉથી ૪૫ બોલમાં છ ચોગ્ગા અને ત્રણ છગ્ગા સાથે આ રન બનાવ્યા હતા.

એક વખતે એવું લાગી રહ્યું હતું કે, ન્યુઝીલેન્ડની ટીમ તેના સૌથી ઓછા જુમલા પર આઉટ થશે પરંતુ તે ૧૯૦ રન સુધી ખેંચી ગયું હતું. જીતવા માટે ૧૯૧ રનના લક્ષ્યાંક સામે ભારતે જોરદાર શરૂઆત કરી હતી અને ઝડપથી રન બનાવ્યા હતા. વિરાટ કોહલીએ ફરી એકવાર શાનદાર ઈનિંગ્સ રમી હતી અને અણનમ ૮૫ રન બનાવીને ભારતને જીત અપાવી હતી. કોહલીએ ૮૧ બોલમાં નવ ચોગ્ગા અને એક છગ્ગા સાથે ૮૫ રન કર્યા હતા. ધોની ૨૧ રન બનાવ્યા બાદ આશ્ચર્યજનકરીતે રનઆઉટ થયો હતો.

# ભારત અને મોદી પર ડોનાલ્ડ ટ્રમ્પ ફિદા થયા

**મોદી જેવા પગલા અમેરિકામાં લેવાની જરૂર : ભારત સાથે બેસ્ટ ફ્રેન્ડશીપ કરવા માટે ઈચ્છુક છે : ભારત અવિશ્વસનીય લોકો સાથે એક અવિશ્વસનીય દેશ : ટ્રમ્પ**

ન્યુજર્સી,તા. ૧૬

અમેરિકી પ્રમુખ પદના રિપબ્લિકન ઉમેદવાર ડોનાલ્ડ ટ્રમ્પે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભારતીય લોકોની ભારે પ્રશંસા કરી છે. ડોનાલ્ડ ટ્રમ્પે વચન આપ્યું છે કે, જો તેઓ સત્તામાં આવશે તો ભારત અને અમેરિકા બેસ્ટ ફ્રેન્ડ બનશે. ટ્રમ્પના કહેવા મુજબ ભારત એક મહત્વપૂર્ણ વ્યૂહાત્મક ભાગીદાર તરીકે છે. ભારત-અમેરિકાના એક સાથે અસાધારણ ભવિષ્ય છે. ટ્રમ્પે કહ્યું હતું કે, મોદી એક મહાન લીડર બનવા તરફ જઈ રહ્યા છે. ટ્રમ્પે વિશ્વાસ આપતા કહ્યું હતું કે, જો તેઓ પ્રમુખ બનશે તો બંને દેશોના રાજદ્વારી અને લશ્કરી સંબંધોમાં મજબૂતી આવશે. રિપબ્લિકન હિન્દુ કોલિશન તરફથી ઈન્ડો-અમેરિકા પ્રજા માટે આયોજિત કાર્યક્રમમાં ઉપસ્થિત લોકોને સંબોધતા ટ્રમ્પે કહ્યું હતું કે, ભારત દુનિયાની સૌથી મોટી લોકશાહી તરીકે છે. અમેરિકાના સ્વભાવિક ભાગીદાર તરીકે પણ છે.

ટ્રમ્પ વહીવટીતંત્રમાં અમે વધુ સારા મિત્ર બનવા તરફ આગળ વધીશું. તેમણે કહ્યું હતું કે, તેઓ સારા શબ્દનો ઉપયોગ કરશે નહીં. બેસ્ટ શબ્દનો ઉપયોગ કરવા જઈ રહ્યા છે. અમે મુક્ત કારોબારનું સમર્થન કરીએ છીએ. એકબીજાની સાથે સારા વૈપારિક સંબંધો સ્થાપિત કરીશું. ભારતની સાથે કારોબારને વધારવા માટે આશાવાદી છે. મોદીની પ્રશંસા કરતા ટ્રમ્પે કહ્યું હતું કે, તેઓ મોદી સાથે કામ કરવાની દિશામાં વિચારી રહ્યા છે. મોદી દેશના અર્થતંત્ર અને બ્યુરોક્રેસીમાં સુધારની દિશામાં ખુબ જ ઉર્જાની દિશામાં આગળ વધી રહ્યા છે. મોદી એક મહાન વ્યક્તિ તરીકે છે. ટ્રમ્પના કહેવા મુજબ મોદીએ જે પગલા લીધા છે તેવા પગલા અમેરિકામાં પણ લેવાની જરૂર છે. ટ્રમ્પે ઉમેર્યું હતું કે, મોદી ભારતના ગ્રોથના સમર્થક રહ્યા છે. ટેક્સ સાથે રહેલા નિયમો સરળ બનાવ્યા છે. ટેક્સમાં કાપ મુકવાની જાહેરાત કરી છે જેના પરિણામ સ્વરુપે દેશનું અર્થતંત્ર સાત ટકાથી ઉપર પહોંચ્યું છે જે એક કમાલની બાબત તરીકે છે.

# સુરતમાં કેજરીવાલની રેલીને સાનુકૂળ પ્રતિસાદ



અમદાવાદ, તા.૧૬

દિલ્હીના મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીના નેતા અરવિંદ કેજરીવાલે આજે સુરતમાં જાહેર સભામાં ભાજપ સરકાર ઉપર આકરા પ્રહારો કર્યા હતા. સાથે સાથે પાટીદાર સમુદાયના લોકોને પોતાની તરફેણમાં કરવાના પ્રયાસ કર્યા હતા. પાટીદાર સમુદાય માટે આંદોલન ચલાવનાર હાર્દિક પટેલની કેજરીવાલે પ્રશંસા કરી હતી અને કહ્યું હતું કે, હાર્દિક સાચો દેશભક્ત રહ્યો છે. કેજરીવાલે સભામાં ભાજપ પર આકરા પ્રહારો કર્યા હતા. જેમાં અમિત શાહને આડે હાથ લીધા હતા. ગુજરાતમાં ઠેર ઠેર વિરોધ કરાવવા પાછળ અમિત શાહને હાથ હોવાનું જણાવ્યું હતું. જ્યારે પાટીદારો સાથે હોવાનું કહી જણાવ્યું હતું કે, હાર્દિક પટેલ દેશભક્ત છે. પાટીદાર રાજસ્વી સમારોહમાં પાટીદારો હોબાળો મચાવ્યો હતો. જેમાં અમિત શાહ, વિજય રૂપાણી સહિતના નેતાઓ હાજર હતા. જોકે, પાટીદારોએ હોબાળો મચાવી ખુરશીઓ ઉછાળી હતી. જેથી ભાજપના દરેક કાર્યક્રમમાં ખુરશીઓ બાંધી દેવામાં આવતી હતી. જોકે કેજરીવાલની સભામાં ખુરશીઓ જ રાખવામાં આવી નથી. સભામાં જોડાયેલા લોકોને જમીન પર બેસાડવામાં આવ્યા હતા.

ગુજરાતમાં ઠેર ઠેર વિરોધ છતા કેજરીવાલ સુરત આવી પહોંચ્યા હતા. અરવિંદ કેજરીવાલનો અનેક ગ્રુપ દ્વારા વિરોધ કરવામાં આવ્યો છે. જાહેર સભામાં સ્થળે પોલીસ કાફલો તૈનાત હતા છતાં પણ આપ પાર્ટીને જાણે તંત્ર ઉપર ભરોસો ન હોય એમ પ્રાઈવેટ બાઉન્સરો રાખવામાં આવ્યા હતા.


પરદેશ પાર્સલસેવા
www.chipsairexp.com
CHIPS Express Pvt Ltd
પ્રિતી મોલ, એફ-૨, સીટીમોલ-૨ સામે, કલોલ
M.: 9227706105, 9898036257
આટરીયા-ધ બિઝનેસ હબ, શોપ નં. B-32, 'KH-0', સરગાસણ ૪ રસ્તા, ગાંધીનગર. M. 9227706105
chipsairinternational@yahoo.co.in

જોઈએ છે
૧. ડ્રાયવર : અનુભવી
૨. પ્યૂન : ધો.૮ સુધી ભણેલ
૩. એકાઉન્ટ આસીસ્ટન્ટ ટેલી જાણકાર
સંગીનીતા ઈન્ડસ્ટ્રીયલ પ્રા. લી.
૩૦૧, શાલીન કોમ્પલેક્ષ
સેક્ટર-૧૧, ગાંધીનગર
તા. ૧૮/૧૦/૨૦૧૬
સમય : ૧૧.૦૦ થી ૨.૦૦

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

VAIBHAV FURNISHINGS INC.
RETAIL SHOWROOM & FACTORY OUTLET
તૈયાર પડદા 30% છૂટ
દરેક પ્રકારના પડદા-સોફાનું કાપડ હાજર સ્ટોકમાં મળશે.
D'DECOR Live beautiful
DC TEX FURNISHINGS
HOMES
COPPER
Kurl-on PU FOAM
SPRINGFIT
• SOFA FABRIC • CURTAIN FABRIC • WALLPAPER • FOAM • MATTRESSES • PILLOWS • BEDSHEETS
Time : 11 a.m. to 9 p.m.
8, SIDDHRAJ ZORI, SARGAASAN - G'NAGAR
09414119651, 09829719885, 09462597151
Time : 9.30 a.m. to 7 p.m.
E-174, ELECTRONOICS ESTATE, G.I.D.C., SECTOR 26, G'NAGAR
09462597151, 09414119651


